GJPT030009892022

**મે. ચાણસ્મા ના જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં.**

ફોજદારી કેસ નં. ૭૮૮–૨૦૨૨

આંક– ૬

ફરિયાદીઃ– પટેલ રમેશભાઇ તળશીભાઇ હરીભાઇ

વિરૂદ્ધ

આરોપીઃ– (૧) પ્રવિણભાઇ ઉર્ફે મુન્નાભાઇ જયંતીભાઇ વાઘરી (દેવીપુજક)

રહેવાસીઃ–કલાલચાલી, તા.ચાણસ્મા, જીલ્લોઃ–પાટણ

(૨) રાજુભાઇ હઠાભાઇ મગનભાઇ દેવીપુજક (વાઘરી)

રહેવાસીઃ–અડીયા, તા. હારીજ, જીલ્લોઃ–પાટણ

**********************************************

ગુનો– ભારતીય દંડ સંહીતાની કલમ ૩૭૯,૪૨૭,૪૬૧,૧૨૦(બી),૪૧૩ મુજબ

---------------------------------------------

હુકમ

૧. આ કામના આરોપીઓ વિરૂદ્ધ ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નં. પાર્ટ–એ ૧૧૨૧૭૦૦૬૨૨૦૨૮૯–૨૦૨૨ થી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૭૯, ૪૨૭,૪૬૧,૧૨૦(બી),૪૧૩ મુજબ ના ગુનાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરવા માં આવેલ.

૨. આ કામના આરોપીઓ સામેના ગુનાનુ તહોમત ધ્યાને લેતા, સદરહુ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા નામદાર સેશન્સ કોર્ટ, પાટણ ને છે. આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૨૦૭ મુજબ તમામ પોલીસ પેપર્સની નકલ આપ્યાની ખાતરી કરી. આરોપીઓનુ નિવેદન નોંધી સેશન્સ કમીટ કરવાનુ ઠરાવી, ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

**હુકમ**

**(૧)** આરોપી નં.(૧) પ્રવિણભાઇ ઉર્ફે મુન્નાભાઇ જયંતીભાઇ વાઘરી (દેવીપુજક). રહેવાસીઃ–કલાલચાલી, તા.ચાણસ્મા, જીલ્લોઃ–પાટણ, નંબર (૨) રાજુભાઇ હઠાભાઇ મગનભાઇ દેવીપુજક (વાઘરી). રહેવાસીઃ–અડીયા, તા. હારીજ, જીલ્લોઃ–પાટણ સામેનો હાલનો કેસ ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૦૯ મુજબ નામદાર સેશન્સ કોર્ટ, પાટણ નાઓ તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કેસમા તમામ અસલ રેકર્ડ તથા મુદામાલ નામદાર સેશન્સ કોર્ટ, પાટણ નાઓ તરફ મોકલી આપવો.

**(૩)** સદર કેસ કમીટ કર્યા અંગેની જાણ મુખ્ય જીલ્લા સરકારી વકીલશ્રી પાટણ નાઓને કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ–૧૩/૧૦/૨૦૨૨** **(સુનિલ લલિતકુમાર મહેતા)**

સ્થળઃ–ચાણસ્મા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ ચાણસ્મા

ચાણસ્મા. કોડ નં. જીજે–૦૧૨૨૯

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ ચાણસ્મા